નં. સીબી/જમીન-૨/એન.એ./એસ.આર. ૧૨૪૫/૧૫
જિલ્લા કલેકટરની કચેરી,
સુભાષબ્રીજ સર્કલ, આશ્રમ રોડ,
અમદાવાદ.
તા.૧૦/૦૯/૨૦૧૫

વંચાણમાં લીધું :-

(૧) અરજદારશ્રી મફતલાલ પરસોત્તમદાસ પટેલ રહે. ૩૪, સ્વીપાર્ક, સ્વતંત્ર પ્લોટ, નિલકંઠ મહાદેવ રોડ, ઘાટલોડીયા, અમદાવાદની જ.મ.કાયદાની કલમ - ૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મેળવવાની નિયત નમુનાની તા. ૧૫/૦૬/૨૦૧૫ની મુળ અરજી.

(૨) સીટી મામલતદારશ્રી ઘાટલોડીયાની ધોરણસરની દરખાસ્ત નં. જમીન/બીનખેતી/એસ.આર. ૧૪૦/૧૫, તા. ૩૦/૦૭/૨૦૧૫.

(૩) નાયબ કલેકટરશ્રી, જમીન સુધારણા અને અપીલ, અમદાવાદ ના તા. ૨૨/૦૭/૨૦૧૫ના પત્ર નં. એસીબી/ટીએનસી-૩/બિ.ખે./અભિપ્રાય/ચાંદખેડા/એસ.આર. ૫૨૦/૨૦૧૫નો ગણોત સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૪) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી, શહેરી જમીન ટોચ મર્યાદા, અમદાવાદનો તા. ૧૪/૦૭/૨૦૧૫નો પત્ર નં.યુ.એલ.સી./ચાંદખેડા/એન.એ./એસ.આર.૫૯૭/૨૦૧૫નો શ.જ.ટો.મ. સબંધેનો હકારાત્મક અભિપ્રાય.

(૫) વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૩૦/૦૬/૨૦૧૫નો પત્ર નં. એલએક્યુ/એન.એ./અભિપ્રાય/૧૯૮૧/૨૦૧૫નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૬) બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીશ્રીનો તા. ૨૪/૦૬/૨૦૧૫નો પત્ર નં. એલએક્યુ/એન.એ./અભિપ્રાય/એસ.આર. ૨૦૫૬/૨૦૧૫નો સંપાદન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૭) અત્રેની કચેરીના લીગલ શાખાનો તા. ૦૭/૦૭/૨૦૧૫નો શેરા નં. એલબી/અપીલ/EWMS No.૧૮૮૧૩/ચાંદખેડા-૨૫૫/૧નો અપીલ / રીવીઝન અંગેનો હકારાત્મક અભિપ્રાય.

(૮) જમીન મહેસુલ અધિનિયમ - ૧૮૭૯ની કલમ - ૬૫, ૬૬, ૬૭થી મળેલ અધિકારો તથા નિયમોના નિયમ - ૧૦૦/૧૦૧ મુજબ.

(૯) સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક, તા. ૧/૭/૦૮ તથા તા. ૮/૪/૧૧.

(૧૦) સરકારશ્રીના મહેસુલ વિભાગના પરિપત્ર નં. : બખપ/૧૦૨૦૦૧૩/૭૧/ક, તા. ૧૧/૩/૨૦૧૩.

હુકમ

અરજદારશ્રી મફતલાલ પરસોત્તમદાસ પટેલ તેઓના ખાતાની મોજે. ચાંદખેડા, તા. સાબરમતી, જી. અમદાવાદ સર્વે નંબર ૨૫૫/૧, ટી.પી. ૬૯, ફા.પ્લોટ નં. ૨૨ની ૨૬૧૦ ચો.મી. જમીનની રહેણાંક+વાણિજ્યના હેતુ માટે બીનખેતી ઉપયોગ કરવા માટે જમીન મહેસુલ કાયદાની કલમ - ૬૫ હેઠળ પરવાનગી મેળવવા માંગણી કરેલ છે. અરજી સાથે નિયત નમુનાનું સોગંદનામું રજુ કરેલ છે.

અરજદારશ્રીની બીનખેતીની માંગણી અંગે આમુખ - (૨)માં જણાવેલ મામલતદારશ્રીએ ધોરણસરની દરખાસ્ત કરેલ છે તે મુજબ સદર જમીન અરજદાર વેચાણ હકકથી ધરાવે છે. આ જમીનના તા. ૦૨/૦૭/૨૦૧૫ના સ્થળ સ્થિતિના પંચનામા મુજબ સ્થળે જમીન ખુલ્લી છે. સદર જમીન જુની શરતની છે. જમીનનું ટાઇટલ ક્લીયર છે. સદર જમીનની રહેણાંક તથા વાણિજ્ય હેતુ બીનખેતી પરવાનગીની અરજદારની માંગણીમમાં વાંધાસરખું જણાતું નથી તેમ અભિપ્રાય સહ દરખાસ્ત રજુ કરેલ છે.

Scanned by CamScanner

Scanned by CamScanner